# એમ. એન. કોલેજ, વિસનગર

## B. A. Sem. I પ્રવેશ અંગેની સામાન્ય સુચનાઓ વર્ષ ૨૦૨૩-૨૪

### પ્રવેશ પ્રક્રિયા માટેની અગત્યની તારીખો

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧. | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | ૦૩/૦૬/૨૦૨૩ થી ૧૫/૦૬/૨૦૨૩ |
| ૨. | વેરીફિકેશન માટેનો સમય<br>(વેરીફિકેશન કરાવવું ફરજિયાત છે) | ૧૨/૦૬/૨૦૨૩ થી ૧૭/૦૬/૨૦૨૩<br>(સમય ૧૧:૩૦ થી ૦૨:૩૦) |
| ૩. | પ્રથમ મેરીટ યાદી પ્રસિધ્ધ થવાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૩<br>(૧૨:૦૦ pm બાદ) |

➡ વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજ વેબસાઇટ પર એડમિશન ફોર્મની લિંક મુકવામાં આવશે જેનો ઉપયોગ કરી ઓનલાઇન ફોર્મ ભરવું.

➡ ઓનલાઇન ફોર્મ સબમીટ કર્યા પછી કોલેજના વેરીફીકેશન સેન્ટર (કોમ્પ્યુટર લેબ) ખાતે વેરીફિકેશન ફરજીયાત કરાવવાનું રહેશે.

➡ વેરીફીકેશન થયેલ વિધ્યાર્થીઓનો જ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

➡ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ જણાવેલ તારીખે જ ફી ભરવાની રહેશે. તારીખ ચૂકી ગયા પછી વિધ્યાર્થી તે પ્રવેશ માટે કોઇપણ પ્રકારનો હક દાવો કરી શકશે નહિ.

➡ ફી ભરેલ વિધ્યાર્થીઓનો જ પ્રવેશ માન્ય થયેલો ગણાશે.

➡ કોલેજ દ્વારા નક્કી થયેલ વિષયોના શીટમેટ્રીક્સ પ્રમાણે મેરીટના ધોરણે વિષય ગ્રુપ ફાળવવામાં આવશે. પસંદ કરેલ વિષય ગ્રુપ પછીથી બદલી આપવામાં આવશે નહિ તો વિષયની પસંદગી ધ્યાનપૂર્વક કરવી.

➡ અનામત માટે સરકારશ્રીના વખતોવખતના અનામત નીતિ અંગેના નિયમો લાગુ પડશે.

➡ જે તે કેટગરીનો લાભ માત્ર મુળ ગુજરાતના વિદ્યાર્થીઓને મળવાપાત્ર થશે.

➡ પ્રવેશને લગતી વખતોવખતની સુચનાઓ માટે વિદ્યાર્થીઓએ નિયમિત રીતે કોલેજ વેબસાઇટની મુલાકાત લેતા રહેવું.

➡ જો વિદ્યાર્થી ધો. ૧૨ ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતા વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.

➡ ધોરણ ૧૨ માં અંગ્રેજી વિષયમાં ઓછામાં ઓછા ૪૫ ગુણ મેળવેલ હશે તેમને જ મુખ્ય વિષય અંગ્રેજીમાં પ્રવેશ મળશે.

➡ ધોરણ ૧૨માં સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ જો મુખ્ય વિષય અંગ્રેજી રાખવા માંગતા હોય તો તેમને ધોરણ ૧૨ ના મેરીટ પ્રમાણે જ પ્રવેશ આપવામાં આવશે.

- જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ પછી I.T.I કર્યું હોય અથવા ડિપ્લોમા કર્યું હોય અને બી.એ. સેમ ૧ માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેમણે ૧૨th Equivalent (ધોરણ ૧૨ ને સમકક્ષ) નું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- GSHSED (ગુજરાત બોર્ડ) સિવાયના અન્ય બોર્ડ માંથી પરીક્ષા આપી હોય અને તેમનું પરીક્ષા કેન્દ્ર ગુજરાતની બહારનું હોય તો આવા વિદ્યાર્થીઓએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણનું Provisional Eligibility Certificate રજુ કરવાનું રહેશે.
- જે વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ની પરીક્ષા માર્ચ-જૂન ૨૦૨૩ પહેલા પાસ કરેલ હોય તો તે અંગેનું સોગંદનામુ એફિડેવિટ રજૂ કરવાનું રહેશે.

## ઓનલાઈન ફોર્મ ભરવા માટેની સુચનાઓ

- વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.mnc.edu.in પરથી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. (કોલેજ વેબસાઈટ પર એડમિશન ફોર્મની લિંક મુકવામાં આવશે જેનો ઉપયોગ કરી ઓનલાઇન ફોર્મ ભરવું).
- ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થીએ પોતાનું નામ, કેટેગરી, ગુણ, વગેરે વિગતો કાળજીપૂર્વક ભરવી.
- ઓનલાઇન ફોર્મ ભરવામાં કોઇ ક્ષતિ માટે વિદ્યાર્થી પોતે જ જવાબદાર રહેશે. ખોટી માહિતી ભરનાર વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ કરવામાં આવશે અને પછીથી તે પ્રવેશ માટે કોઈપણ પ્રકારનો હક દાવો કરી શકશે નહિ.
- ફોર્મ ભરતી વખતે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ કુલ ૭૦૦ માંથી મેળવેલ ગુણ જ લખવાના રહેશે જ્યારે સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓએ કુલ ૫૦૦ માંથી મેળવેલ ગુણ જ લખવાના રહેશે. (કોઈપણ પ્રવાહના પ્રેક્ટીકલના ગુણ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.) ગુણ લખવામાં કોઈ ભૂલ માટે વિદ્યાર્થી પોતે જવાબદાર રહેશે.
- ખાસ નોંધ: જે વિદ્યાર્થીઓ બી.એ સેમ ૧નું ફોર્મ કોલેજ કેમ્પસ ખાતેથી ભરવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે કોલેજના વિદ્યાર્થી ગ્રુપ દ્વારા ખૂબ જ નીચા દરે આ ફોર્મ ઓનલાઈન કોલેજના કમ્પ્યુટર સેન્ટર પરથી ભરી શકે તેવી વ્યવસ્થા કરેલ છે જેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકે છે.

# વેરિફિકેશન માટેની સુચનાઓ

- ઓનલાઈન ફોર્મ સબમીટ કર્યા પછી તેની પ્રિન્ટ મેળવી લેવી. આ પ્રિન્ટની સાથે નીચે દર્શાવેલા તમામ અસલ પ્રમાણપત્રો તથા તેમની એક-એક પ્રમાણિત નકલ જોડી કોલેજના **વેરીફીકેશન સેન્ટર (કોમ્પ્યુટર લેબ)** ખાતે **તારીખ ૧૨/૦૬/૨૦૨૩ થી ૧૭/૦૬/૨૦૨૩ (સમય ૧૧:૩૦ થી ૦૨:૩૦)** દરમિયાન વેરીફિકેશન કરાવી જવું ફરજીયાત રહેશે. વેરીફિકેશન કરાવેલ નહી હોય તો તેવા ફોર્મ માન્ય રહેશે નહિં.
- વેરીફિકેશન માટે વિગતવાર તારીખ સાથેનું સમય પત્રક કોલેજની વેબસાઈટ પર મુકવામાં આવશે.
- વેરીફિકેશન માટે વિદ્યાર્થીઓએ ૧૧:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન કોલેજના મેઈન ગેટ પરથી ટોકન મેળવી લેવી. આ ટોકનના ક્રમ પ્રમાણે જ વેરીફિકેશન કરવામાં આવશે. આ આયોજન વ્યવસ્થા જળવાય તે હેતુસર કરવામાં આવેલ છે જેથી દરેકે સહકાર આપવો.
- વેરીફિકેશન સમયે અરજદારે ફોર્મ ફી પેટે રુ. ૨૦/- ચુકવવાના રહેશે.
- **જરુરી પ્રમાણપત્રો:**

૧. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.)
૨. એસ. એસ. સી. (ધો. ૧૦) ની માર્કશીટ
૩. એચ. એસ. સી. (ધો. ૧૨) ની માર્કશીટ
૪. ટ્રાયલ સર્ટીફિકેટ
૫. જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
૬. નોન-ક્રિમિલેયર સર્ટીફિકેટ (જો લાગુ પડતુ હોય તો)
૭. સવર્ણ આર્થિક પછાત અંગેનું પ્રમાણપત્ર (Gen. EWS-જો લાગુ પડતુ હોય તો)
૮. માર્ચ – ૨૦૨૩ પહેલાં ધો. ૧૨ પાસ કરેલ હોય તો તે અંગેનું સોગંધનામુ રજુ કરવાનું રહેશે.
૯. પાસપોર્ટ સાઈજ 2 (બે) ફોટોગ્રાફ

# પ્રવેશ માટેની સુચનાઓ

➡ વેરીફિકેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મેરીટ યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

➡ મેરીટ યાદીમાં નામ હોય તેને જ ક્રમ અને તારીખ પ્રમાણે ફી ભરવાની રહેશે.

➡ ફી ભરેલ વિધ્યાર્થીઓનો પ્રવેશ માન્ય થયેલો ગણાશે.

➡ કોલેજ દ્વારા નક્કી થયેલ વિષયોના શીટમેટ્રીક્સ પ્રમાણે મેરીટના ધોરણે વિષય ગ્રુપ ફાળવવામાં આવશે. પસંદ કરેલ વિષય ગ્રુપ પછીથી બદલી આપવામાં આવશે નહિ તો વિષયની પસંદગી ધ્યાનપૂર્વક કરવી.

➡ અનામત માટે સરકારશ્રીના વખતોવખતના અનામત નીતિ અંગેના નિયમો લાગુ પડશે.

➡ જે તે કેટગરીનો લાભ માત્ર મુળ ગુજરાતના વિદ્યાર્થીઓને મળવાપાત્ર થશે.

➡ **ફી ની વિગત:**

ભાઈઓ માટે : ૧૫૪૫ /- રુ.     બહેનો માટે : ૯૪૫/- રુ.

હેલ્પ લાઈન નંબર: ૦૨૭૬૫-૨૩૧૪૧૫

ચેરમેનશ્રી
બી.એ. સેમ. ૧ પ્રવેશ સમિતિ

આચાર્યશ્રી
એમ. એન. કોલેજ, વિસનગર